PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/કવા–૦૩/૧૭–૧૮/ 9950 તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કાંબરીયા ભીખાભાઈ નાથાભાઈ,
ગામ: દુધીયા
તા. કલ્યાણપુર
જી. દેવભુમી દ્વારકા

**વિષય :–વીજબીલ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૮/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ., આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૮/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૮–૧૧–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.: (૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: કાંબરીયા ભીખાભાઈ નાથાભાઈ, ગામ: દુધીયા

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)

---

**: હુકમ :**

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓને સબંધક કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી તરફથી તા.૦૨–૦૮–૧૭ ના રોજ રૂ.૨૯,૬૪૮/– ની રકમ ભરપાઈ કરવાની નોટીસ સ્વરૂપે જાણકારી અપાયેલ છે, તેમજ, તે રકમ કયા કારણોસર તેઓએ ભરપાઈ કરવાની થાય છે, તે બાબત ની કોઈ જ જાણકારી અપાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે – અરજદાર શ્રી કાંબરીયા ભીખાભાઈ નાથાભાઈ, ગામ: દુધીયા ને ત્યા તા.૧૬–૦૪–૧૬ ના રોજ ચેકીગ શીટ નં.–૨૩૧૮ મુજબ – બિનઅધિકૃત વીજવપરાશ કરતા માલુમ પડેલ હોય – તેઓને વીજ ધારા–૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબ પીજીવીસીએલ ની સબંધક કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં.: ૪૩૦૮ તા.૧૪–૦૬–૧૬ થી પાવરચોરી નુ બીલ અપાયેલ છે. ત્યારબાદ, અરજદાર ની સદર રજુઆત અન્વયે – કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં. ૫૬૨૩ તા.૧૭–૧૦–૧૭ થી તમામ પાવરચોરી સંલગ્ન પેપર્સ ની નકલો – અરજદાર ને મોકલી આપવામા આવેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ અરજી અન્વયે – તેઓને જરૂરી માહિતી પુરી પાડી અને પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતો મા જણાવ્યા મુજબ – કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં. ૫૬૨૩ તા.૧૭–૧૦–૧૭ થી તમામ પાવરચોરી સંલગ્ન પેપર્સ ની નકલો – અરજદાર ને મોકલી આપી અને અરજદાર ની ફરીયાદ અરજી મા કરેલ માંગણી ને પુરી કરવામા આવેલ છે. |

| | |
|---|---|
| ૩.૨ | વધુમા નામદાર જીઈઆરસીના નોટિફીકેશન નં. ૦૨/૨૦૧૧ (ફોરમ રેગ્યુલેશન) ના મુદા નં. ૨ ૩૮ (૨)માં કરાયેલ જોગવાઈ મુજબ, વીજ ધારા–૨૦૦૩ની કલમ–૧૩૫ હેઠળ થયેલ કાર્યવાહી અન્વયે પીજીવીસીએલ તરફથી પાવરચોરી આનુષંગિક અપાયેલ પૂરવણી બીલ સબબના કેસના નિકાલની કામગીરી અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય. આ બાબતે અત્રે તરફથી વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોવાથી, અત્રેના ફોરમ તરફથી આપ શ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અત્રેના ફોરમ તરફથી આપ શ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. જે બાબત ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ